## અધિસુચન

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬

ગુજરાત નગર અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯, નિયમ ૨૬(૯)

નગર રચના યોજના સુરત નં. ૪૪(જહાંગીરાબાદ)

### પ્રારંભિક યોજના

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો ૧૯૭૯, નિયમ ૨૬(૯) અનુસાર નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ-૫૨ ની પેટા કલમ (૧)ની જોગવાઈ મુજબ મે આજરોજ તા.: 30/3/૨૦૦૭ ને શુક્રવારનાં રોજ નગર રચના અધિકારી તરીકે પ્રારંભિક યોજના અંગેના મારા નિર્ણયો જાહેર કર્યા છે.

સદરહુ નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ-૫૨(૨) તેમજ કલમ-૬૪ ની જોગવાઈઓ અનુસાર, સદર પ્રારંભિક યોજના સરકારશ્રીમાં સાદર કરવામાં આવી રહેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૫૨(૨) ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો ૧૯૭૯, નિયમ ૨૬(૯) હેઠળ આવશ્યક છે, તે મુજબ નગર રચના યોજનામાં સમાવિષ્ટ સંબંધિત જમીન માલિકોને તેમની મિલકત અંગે નગર રચના અધિકારી તરીકે મારા નિર્ણયની એક નકલ મોકલવામાં આવી રહેલ છે.

ઉપરોક્ત યોજનાની એક નકલ તમામ માહિતી, નિર્ણયો અને નકશાઓ સાથે રજાના દિવસો સિવાયનાં તમામ દિવસોએ કચેરી સમય દરમ્યાન, નગર રચના અધિકારીશ્રીની કચેરીમાં નીચેના સરનામે જોવા મળી શકશે. આ યોજના સમજાવવા જરૂરી વ્યવસ્થા કરવામાં આવેલ છે.

સુરત<br>
તારીખ: 30.3.૨૦૦૭

(પી.વી.પી.સી. પ્રસાદ)<br>
નગર રચના અધિકારી<br>
નગર રચના યોજના સુરત નં. ૪૪ (જહાંગીરાબાદ)

સરનામું:<br>
નગર રચના અધિકારીશ્રીની કચેરી,<br>
એસ.એમ.સી. એકમ-૧,<br>
વોર્ડ નં. ૫ની ઓફિસ, ત્રીજો માળ,<br>
કાંસકી વાડ, ભાગળ, સુરત.